# ખોટા બિલોને આધારે ૧.૧૯ કરોડની લોન લઈ બેંક સાથે છેતરપીંડી

***નિકોલના ત્રણ વેપારીઓએ એમ્રોડરી વર્ક માટેના મશીનો ખરીદવા માટે સે-૨૧ બેંક ઓફ મહારાષ્ટ્રમાંથી લોન લીધી : મશીનોના ખોટા બિલો રજુ કર્યાનું ખુલતા પોલીસ ફરિયાદ***

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદના નિકોલ વિસ્તારના ત્રણ વેપારીઓએ એમ્રોડરી વર્ક માટેના મશીનો ખરીદવા માટે સે-૨૧ બેંક ઓફ મહારાષ્ટ્રમાંથી રૂ. ૧.૧૯ કરોડની જંગી રકમની લોન લીધી હતી. મશીન લાવ્યાનાં ખોટા બીલો બેંકમાં રજુ કરાયા હોવાનું બેંક અધિકારીઓએ ખાતરી કરતા બહાર આવ્યું છે. જેને પગલે સે-૨૧ બેંક ઓફ મહારાષ્ટ્રના આસી. જનરલ મેનેજરે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ત્રણેય વેપારીઓ સામે છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના નિકોલ વિસ્તારના ત્રણ વેપારીઓ જીજ્ઞેશ કાનજી બાવીસી, મલ્કેશ આર. રાનીંગા અને પ્રવિણ છાવલીયાએ મળીને ફેબ્રુઆરી માસમાં સે-૨૧ બેંક ઓફ મહારાષ્ટ્રમાં એમ્રોડરી વર્ક માટેના મશીનો ખરીદવા માટે લોનની અરજી કરી હતી. ત્રણેય વેપારીઓને મળીને રૂ. ૧,૧૮,૯૦,૦૦૦ની જંગી રકમની લોન મળવા પામી હતી. બેંકમાં એમ્રોડરીના મશીનોના બિલો રજુ કરાતા પુરેપુરી લોન મંજુર થઈ હતી. ત્યાર બાદ બેંકે ખાતરી કરતા આવા મશીનોની કોઈ ખરીદી જ ન થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જે બિલો લોન લવા માટે બેંકમાં રજુ કરાયા હતા તે ખોટા બનાવ્યા હોવાનું ખુલતા બેંકના આસી. જનરલ મેનેજર પી.બી. જાદવે સે-૨૧ પોલીસને ત્રણેય વેપારીઓ સામે ફરિયાદ આપતા પી.આઈ. બી.એ. ચાવડાએ ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

# ધો-૧૨માં ૩૬૩૦ વિદ્યાર્થીઓએ ભૂગોળની પરીક્ષા આપી : ૬૧ ગેરહાજર

## વાણિજય વ્યવહારના પેપરમાં પણ ૨૭ની હાજરી ઘટી બોર્ડ પરીક્ષા મધ્યાંતરે એક પણ કોપી કેસ નહીં!

ગાંધીનગર, તા.૧૯

ધો-૧૨માં આજે ભૂગોળ અને વાણિજય વ્યવહાર વિષયની પરીક્ષા લેવાઈ હતી. સામાન્ય પ્રવાહમાં ભૂગોળની પરીક્ષામાં ૬૧ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી જયારે વાણિજય વ્યવહારમાં પણ ૨૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધો-૧૦ તેમજ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે રજા હોવાથી પરીક્ષાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત રહ્યા હતાં.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા મધ્યાંતરે પહોંચી છે. ધો-૧૦માં ગુજરાતી, વિજ્ઞાન અને ગણિત વિષયની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. ત્રણ પ્રશ્નપત્રોના અંતે અત્યાર સુધી વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પ્રમાણમાં સરળ રહી છે. જયારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ફીઝીકસ અને ગણિતના લેન્થી પેપરને બાદ કરતા પરીક્ષાર્થીઓ માટે બોર્ડની કસોટી એકંદરે સરળ રહી છે. પ્રશ્નપત્રો ટેક્ષબેઈઝ હોવાથી વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે. જો કે દરેક પ્રશ્નપત્રમાં ટવીસ્ટ કરેલા એમ.સી.કયુ. પૂછાતા વિદ્યાર્થીઓએ થોડી મુંઝવણ પણ અનુભવી હતી. બોર્ડ પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો નથી. ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં આજે જિલ્લાના ૩૬૯૧ વિદ્યાર્થીઓ પૈકી ૬૧ ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત વાણિજય વ્યવહાર વિષયની કસોટીમાં ૨૮૦૭ વિદ્યાર્થીઓ પૈકી ૨૭ની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હતો.

## ઝુલેલાલ સાંઈબાબા મંદિરમાં આરતીના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૯

શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિરમાં મૌસરમાં થયેલ તબદીલીના કારણે તા. ૨૧મી માર્ચથી આરતીનો સમય બદલવામાં આવશે. કાકડ આરતી ૫.૦૦ વાગે, બપોરે મધ્યાહન આરતી ૧૨.૦૦કલાકે, સાંજે ધૂપ આરતી ૭.૦૦ કલાકે, શયન આરતી ૯.૦૦ કલાકે. ગુરૂવારે શયન આરતીનો સમય રાત્રે ૧૦.૦૦ કલાકનો રહેશે. લાલચંદ ગોપલાણી પ્રમુખ સિંધી પંચાયત ગાંધીનગરે જણાવેલ છે.

## સે. ૨૩માં આજે શિવ મહિમા પાઠ

ગાંધીનગર, તા. ૧૯

આદરોજ સેકટર-૨૩ આવકાર ફલેટ નં. ૫૦૫/૨ વિરાટનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ સુધી શિવમહિમા પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. શિવભક્તોને લાભ લેવા જણાવ્યું છે.

# નગરના યુવાને ચકલી બચાવવાનું અભિયાન હાથ ધર્યું

ગાંધીનગર, તા. ૧૯

આપના આંગણામાં, વાડામાં કે ગેલેરીમાં ચી...ચી... અવાજ થકી વાતાવરણને સંગીતમય બનાવી દેતી ચકલીને આપે છેલ્લે ક્યારે જોઈ



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

હતી તે યાદ છે ? ઘરમાં આવીને કલબલ કરતી ચકલી કોને ના ગમે ? પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી આ ચકલીના દર્શન અને તેના મનને સ્પર્શી જતો કિલ્લોલ અદશ્ય થઈ જવા પામ્યો છે. ક્યારેક સહજ રીતે જોવા મળતી ચકલી શોધવા છતા મળતી નથી તેવા સમયમાં એક ચકલીપ્રેમીએ 'વર્લ્ડ સ્પેરો ડે' પર નગરમાં ચકલીને બચાવવાનું બીડુ ઝડપ્યું છે.

તા. ૨૦મી માર્ચ સમગ્ર વિશ્વમાં 'વર્લ્ડ સ્પેરો ડે' તરીકે ઉજવાય છે. ગાંધીનગરના સેક્ટર-૧૬માં આવેલા પાટનગર યોજનાભવન પાસે બટાકા પૌઆની લારી ચલાવતા યુવાન રાજુભાઈ મકવાણા આ 'વિશ્વ ચકલી દિને' ચકલીને બચાવવા અને તેના કિલકિલ અવાજને પુનઃ નગરજનોના આંગણે ગુંજતો કરવા સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક 'ચકલીઘર'નું વિતરણ કરશે. પાટનગર યોજના ભવન પાસે આવેલ મહાકાળી બટાકા પૈઆ નામની તેમની લારીએથી તેઓ આ સમય દરમ્યાન પુંઠાના બોક્સથી બનાવેલા ચકલી ઘર નગરજનોને મફત આપશે જે ઘરના આંગણે વાડામાં કે ગેલેરીમાં લગાડવાથી આવનારા ગરમીના દિવસો દરમ્યાન ચકલી તેનો માળો બનાવી શકશે.

ગાંધીનગરની પાસે આવેલા પેથાપુર ગામના વતની રાજુભાઈ મકવાણા ચકલીઓની સતત ઘટતી જતી સંખ્યાથી ખૂબ જ ચિંતિત છે. મોબાઈલના ટાવરોના જોખમી તરંગો અને ધ્વનિ પ્રદૂષણના કારણે ઘરના આંગણેથી અદશ્ય થયેલી ચકલીને ફરીથી નગરમાં વસાવવા તેમણે કમર કસી છે. પોતે એક સામાન્ય મધ્યમ વર્ગીય હોવા છતાં તેમણે આ પ્રેરણારૂપ કાર્ય હાથ ધર્યુ છે. વેસ્ટ બોક્ષમાંથી તેઓ ચકલી ઘર બનાવે છે. જે તેમને સરેરાશ એક ચકલીઘર માટે રૂપિયા આઠનો ખર્ચ થાય છે. તેમણે દરેક નગરવાસીઓને તેમના ઘરમાં રહેલા નકામા ખોખાઓનો ઉપયોગ ચકલીઘર બનાવવા માટે કરવા અનુરોધ કર્યો છે. જે માટે તેઓ ચકલીઘર બનાવવાનું શીખવવા પણ તૈયારી દર્શાવી છે. આ સાથે તેમણે લોકોને આવા વેસ્ટ બોક્સ જો ઘરમાં પડ્યા હોય તો ચકલીના માળા માટે તેમને આપવા પણ અપીલ કરી હતી.

ઘરમાં નાના બાળકોને સૌથી પહેલી વાર્તામાં 'એક હતો ચકો અને એક હતી ચકી'થી શરૂઆત કરાય છે. પરંતુ ચકલીઓ હવે વાર્તામાં અને પુસ્તકોના પાનામાં રહી જવા પામી છે. તે અંગે ચિંતા કરી તેમને બચાવવા આ યુવાને હાથ ધરેલો પ્રયાસ ખરેખર ખૂબ જ પ્રસંશનીય અને પ્રેરણાદાયી છે.

# સુઘડ પાસે છાપરામાંથી રૂપિયા દાગીના ભરેલી સુટકેશ ચોરાઈ

ગાંધીનગર, તા. ૧૯

હાલાજી અગોરા મોલની સામે સુઘડ ગામની સીમમાં છાપરૂ બાંધીને રહેતા નારણભાઈ સાંકળચંદ પ્રજાપતીના છાપરામાંથી ૧૬મીએ રાત્રે રૂ. ૧૫ હજાર રોકડા તથા ચાંદીના કડા અને પાયલ જે સુટકેશમાં મુકી હતી તે સુટકેશ કોઈ શખ્સ ચોરી ગયું હતું. પોલીસ ફરિયાદ કરતા અડાલજ પોલીસ ડૉગ સ્કવોર્ડ સાથે પહોંચી ગઈ હતી. સ્નીફટ ડૉગ છાપરામાંથી સીધો ઝાડીઓ તરફ ભાગ્યો અને ચોરાયેલી સુટકેશ મળી આવી હતી. સુટકેશમાં પડેલા કપડા તેમના તેમ પડ્યા હતા પણ ચાંદીના પાયલ અને કડા કિ. રૂ. ૩૫૦૦ના ચોર ચોરી ગયો હતો. રૂ. ૧૫ હજાર રોકડા સુટકેશમાં પડેલા કપડામાંથી જ મળી આવ્યા હતા. ચોરને રોકડા ના દેખાતા ૧૫ હજાર બચી ગયા હતા.

# સે-૨૯માં આવેલા સી.આર.પી.એફ. કવાટર્સમાં જવાનનો ગળાફાંસો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સેકટર-૨૯ ખાતે રહેતા અને સીઆરપીએફમાં ફરજ બજાવતા ૪૮ વર્ષીય જવાને આજે બપોરના અરસામાં પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે.

**ત્રણેક વર્ષથી બ્લડ પ્રેસરની દવાઓ ચાલતી હતી : પંખે દોરી બાંધે ગળા ફાંસો ખાઈ લીધો**

સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (સી.આર.પી.એફ.) ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અને સેકટર-૨૯ જ-ટાઈપ બ્લોક નં. ૧૪૨/૭ ખાતે રહેતા ૪૮ વર્ષીય જવાન રતીલાલ નાનાભાઈ વાળંદને એક દિકરો અને એક દિકરી બે સંતાનો છે. રતીલાલ વાળંદને છેલ્લા ત્રણેક વર્ષથી બ્લડ પ્રેશરની દવાઓ ચાલતી હતી. આજે બપોરના અરસામાં દીકરી ટયુશને, પત્ની કરિયાણું લેવા અને દિકરો બહાર ગયો હતો તે દરમિયાન એકાંતમાં પડેલા જવાને પોતાના રૂમમાં જ પંખે પ્લાસ્ટીકની દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણે પગ તળેથી જમીન સરકી ગઈ હતી. પોલીસને જાણ થતા સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ જે.બી. પરમાર ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં માનસિક તણાવને કારણે આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે.

# આધુનિક રૂમ સજાવટની પેટર્ન બદલાતા હાઉસ સ્પેરો અદશ્ય

***દાયકા પહેલા રાજ્ય વ્યાપી સર્વેક્ષણ હાથ ધરાયું હતું***

ગાંધીનગર, તા. ૧૯

હાઈટેક બનતા ગાંધીનગરમાં હરિયાળી સામે પરંતુ શહેરમાં અગાઉ ઘરે-ઘરે ચી..ચી.. કરતી ચકલી અદશ્ય થઈ ગઈ હોવાની વાત જાણે જુની ગીર ફાઉન્ડેશન તેમજ રાજ્યની તમામ ઈકો ક્લબ દ્વારા અદશ્ય થતી ચકલી અંગે સર્વેક્ષણ હાથ



ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન રાજ્યની ૬૫૦૦ શાળાઓના વિદ્યાર્થીઓએ ચકલીના અસ્તિત્વ અંગે જાગૃતતા લાવવા પ્રયાસ કરાયો હતો. શહેરમાં બાંધકામ તેમજ રહેણાંક

ખતરો મંડરાયો છે ત્યારે પ્રકૃતિપ્રેમી પંખીઓને પણ યોગ્ય વિસામો ન મળતા પર્યાવરણીય અનુકુલન સાધવા પક્ષીઓની વર્તણુકમાં બદલાવ આવ્યો છે. આજે વિશ્વ ચકલી દિવસ છે. થઈ ગઈ છે..! પરંતુ ચકલીની બદલાતી વર્તણુંક અને સ્થળાંતરના મામલે પણ કોઈ વિશેષ અભ્યાસી તારણો હાથ લગાવવામાં પણ નિરસતા સેવાઈ હોવાનું છતુ થયું છે. વર્ષ ૨૦૦૩-૦૪ દરમિયાન વિસ્તારમાં પણ રૂમ સજાવટની પેટર્ન બદલાતા હવે હાઉસ સ્પેરો ખેતરમાં જ જોવા મળે છે. સ્થળાંતર થયેલી ચકલીઓ ગ્રામ્ય વિસ્તારમાં દેખાય છે. હાલ ચકલીઓનો માળો બનાવવાની જરૂર છે.

# સે-૨૦ પ્રાથમિક શાળામાં પાણીની સમસ્યા હલ થશે

ગાંધીનગર, તા.૧૯

શહેરની સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ સાથે પાયાની સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે ઉનાળાની આકરી ગરમી પૂર્વે સે-૨૦ પ્રાથમિક શાળામાં પાણીની સમસ્યા ડામવા તંત્ર દ્વારા પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેના પરિણામે શાળામાં પાણીનો પ્રશ્ન હલ થશે.

પાટનગરમાં સ્થિત સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર કથળ્યું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શાળાઓમાં શિક્ષકોની ઘટ તેમજ પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓના ભાવિ સામે પ્રશ્નો મંડરાયા છે. હાઈટેક બનતી આજની શિક્ષણ પધ્ધતિ અને સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંતોષવા કાંઈક થાય તેવી માંગ વખતોવખત ઉઠવા પામે છે. સરકારી શાળાઓમાં પાણીની ઉપલબ્ધિ અંગે પણ સમસ્યા હોવાની ફરિયાદો પ્રબળ બની છે. સે-૨૦ પ્રાથમિક શાળામાં પણ લાંબા સમયથી પાણીની સમસ્યા વિકટ બની હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો હતો. જેને લઈ તંત્ર દ્વારા અંદાજિત ૧.૫૦ લાખના ખર્ચે પાણીની પાઈપ લાઈન નાંખવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. આ કામગીરીના અંતે પાણીની સમસયા હલ થવાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને રાહત થશે તેવો સૂર પણ ઉઠવા પામ્યો છે.

# આજે ગાંધીનગરમાં પાંચ સ્થાનો પર 'ચાય પે ચર્ચા'

ગાંધીનગર, તા. ૧૯

પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલ તા. ૨૦-૩-૨૦૧૪ને ગુરૂવારના રોજ સમગ્ર દેશના ૫૦૦ શહેરોના ૧૫૦૦ સ્થાનો પર ભાજપાના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી 'ચાય પે ચર્ચા' કાર્યક્રમ અંતર્ગત સાંજના ૫ થી ૮ કલાક દરમિયાન મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશના યવતમાલ જિલ્લાના ડભાડી ગામથી દેશના નાગરિકો સાથે સીધો સંવાદ કરશે.

રાષ્ટ્રસ્તરના આ મહા અભિયાનના આવતીકાલના ત્રીજા ચરણમાં ખેડૂત અને કૃષિ વિષયક સમસ્યાઓ વિષયને લઈને સમગ્ર દેશમાં જુદા જુદા સ્થાનો પર એકઠા થયેલા લોકો સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદી ડીટીએચ, સેટેલાઈટ અને સોશીયલ મીડીયાના માધ્યમથી જોડાશે. જે પૈકી કેટલાક સ્થાનો પર સીધો સંવાદ થશે, જે દેશના તમામ સ્થાનો પરથી નિહાળી શકાશે. આ ઉપરાંત અભિયાનમાં દેશના લોકસભા મત વિસ્તારો ફેસબુક પેજના માધ્યમથી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે જોડાઈ શકશે.

આવતીકાલે યોજાનારા આ

● અનુસંધાન પાન-૭ પર

# મગોડી ગામમાં રાત્રે બે વાગ્યે ધમધમતા જુગારધામ પર દરોડો

## ૩૨ હજારના મુદ્દામાલ સાથે ૧૩ જુગારીઓની ધરપકડ : ૧૨ મોબાઈલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક ચિલોડા-દહેગામ માર્ગ પર સ્થિત મગોડી ગામના ઠાકોરવાસમાં ગઈ રાત્રે બે વાગ્યે જુગારનું મોટુ બોર્ડ બેઠુ હતુ. જુગારધામ ચાલુ થયું હોવાની બાતમી મળતા રાત્રે બે વાગ્યાના અરસામાં ચિલોડા પોલીસે દરોડો પાડી ૧૩ શકુનીઓને રૂ. ૩૨ હજારના મુદ્દામાલ સાથે જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડી તમામની ધરપકડ કરી લીધી છે. જુગારધારા હેઠળ ગુનો નોંધી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ચિલોડા પોલીસમથકના પી.આઈ. કે.કે. પંડ્યાએ બાતમીને આધારે તેમની ટીમ સાથે રાત્રે બે વાગ્યાના અરસામાં મગોડી ગામમાં ઠાકોરવાસમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડતા નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને તમામ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. રૂ. ૨૦,૯૫૦ રોકડા તથા ૧૨ નંગ મોબાઈલ મળીને રૂ. ૩૨,૪૫૦ના મુદ્દામાલ સાથે ૧૩ જુગારીઓની ધરપકડ કરવામાં આવી હતી. મગોડી ગામના ભમરસિંહ કાળુસિંહ બિહોલા, જગદીશ મોહન પટેલ, નિકુલ ભમરસિંહ વાઘેલા, નરેશ રમેશ રાવળ, અશોક જીવણ ઠાકોર, સેંધાજી લક્ષ્મણજી ઠાકોર, મહેશ કેશુજી બિહોલા, મહિપત કાળુસિંહ બિહોલા, દેવેન્દ્ર અમરસિંહ બિહોલા, મહોતજી ડાહ્યાજી ઠાકોર, બાલુજી પુંજાજી ઠાકોર અને રણજીત ઉદાજી બિહોલા તથા દહેગામના લાલા રમતુજી ઠાકોર મળી ૧૩ શકુનીઓની ધરપકડ કરી ચિલોડા પોલીસે કાર્યવાહી આરંભી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

*સૂર્યોદય : ૬.૪૬*
*સૂર્યાસ્ત : ૬.૪૯*

## તાપમાન

*મહત્તમ : ૩૬.૬ ડિ.સે.*
*લઘુત્તમ : ૧૪.૨ ડિ.સે.*

## ભેજનું પ્રમાણ

**સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા**

## મનોરંજન

### સિને મેક્સ

**: સ્કીન-૧ :**
રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦
શાદી કે સાઈડ ઈફેકટસ : ૨.૪૦, ૮.૧૦
**: સ્કીન-૨ :**
ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**: સ્કીન-૩ :**
બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
**: સ્કીન-૪ :**
બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

**: સ્કીન-૧ :**
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦
**: સ્કીન-૨ :**
ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦
**: સ્કીન-૩ :**
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્કીન-૧ :**
બેવકૂફિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**: સ્કીન-૨ :**
ડબ્લુય : ૧૦.૪૫, ૧૦.૦૦
ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૭.૦૦
નેબર્સ : ૪.૧૫
**: સ્કીન-૩ :**
નેબર્સ : ૧૦.૧૫, ૯.૦૦
ડબલ્યુ : ૧૨.૩૦, ૬.૦૦
ગુલાબ ગેન્ગ : ૩.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુલાબ ગેન્ગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા થશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ઈલાબેન યોગેશકુમાર ત્રિવેદી (ઉ.વ. ૩૭) સ્વામીનારાયણ મંદિર પાસે, મુ.પો. દહેગામ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નટવરલાલ ચૂનીલાલ પંચાલ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૧૦૬/૧, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. કનુભાઈ સાંકાભાઈ રબારી (ઉ.વ. ૩૫) અક્ષરધામની સામે, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.